સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

ઉદ્યોગપતિ ને નાણાખાતાંનું સૂકાન સોંપી દો!
પાંચ વર્ષ ભાડા પટ્ટે દેશની દૂકાન સોંપી દો!
સોંપી દો રોકાણ પ્રજાનું, કરો અંબાણીને મદદ -
અને લીઝ લોકસભાનું મકાન સોંપી દો!
(ઉદ્યોગપતિઓના લાભાર્થે નોટબંધી અને રફાલ)

હાઈકુ

ચૂંટણી ફંડે
નાચો, નચાવે એણ -
ઉદ્યોગપતિ...

કરો શહિદ -
લાખોની જનતાને
બેન્ક સીમાડે...

ચિંતન

સંત વૃક્ષ હરિ નામ ફલ, સદ્‌ગુરુ શબદ બિયાર,
હોતે અસ હરિજન ન તો, જલ મરતા સંસાર

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

ખરા સંતોનાં હરિનો અંશ રહેલો છે. તે કહેવા ઉપરાંત કબીર સંતો વિશે સ્પષ્ટ ખુલાસો કરતાં કહે છે કે 'સંત' એક એવું વૃક્ષ છે કે જેનું 'હરિનામ' એ ફળ છે. સત્‌ગુરુનો શબ્દ એ જ પરમાત્માનો શબ્દ છે. સંતરૂપી વૃક્ષો જો આ દુનિયામાં ન હોત તો આ સંસાર ત્રીવિધ તાપથી બળી જાત. સંતરૂપી વૃક્ષો સંસારી જનોને શીતળવા આપે છે.

વૃક્ષોના તાપ-સંતાપમાં છાંયડાની શીતળતા આપે છે. હરિનામ એ વૃક્ષના ખાતર પાણી છે. સંતો એનું ફળ છે. આ વૃક્ષના આશ્રયથી ત્રિવિધ સંતાપમાં રક્ષણ મળે છે. ઈશ્વરનું ભજન-ચિંતન જ સુખ-શાંતિનું કારણ બને છે.

સુવિચાર

- તાસીર કિસી ભી દર્દ કી મીઠી નહી હોતી, વજહ યહી હૈ કિ, આંસુ ભી નમકીન હોતે હૈ - **ઈકબાલ પટેલ**
- સુંદર સત્ય ને થોડા શબ્દોમાં કહો પણ કુરુપ સત્ય માટે કોઈ શબ્દ ન વાપરો - **ખલિલ જિબ્રાન**
- નીતિમાં ન ડગે તેને નિયંતા પણ નમે - **એસ. ભટ્ટાચાર્ય**
- આપીને જે આનંદ વધારે તે અમીર, લઈને જે લાલસા વધારે તે ગરીબ - **મુંબઈ સમાચાર**
- વિભાવથી અટકવું અને સ્વભાવમાં રહેવું તેનું નામ ચરિત્ર - **અમૃતબિંદુ**
- શરીરનો આધાર સ્તંભ જો શ્વાસ છે, તો આત્માનો આધાર સ્તંભ સદ્‌ગુણોની સુવાસ છે - **ડો. વીજળીવાળા**
- આજનું ઔષધ : બીલાનો પાઉડર ઘીમાં શેકીને ખાંડમાં ભેળવીને લેવાથી ઝાડા મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

જંગલમાં સાચા સંત રહે. કોઈને બહુ હળે મળે નહીં. લોકો એમને ભગત કહીએ બોલાવે. બાજુના ગામના સિપાઈને થયું કે ભગતને મળવું, સત્સંગ કરવો જોઈએ. સિપાઈ ઘોડો લઈને જંગલમાં ગયો પણ ભગત મળ્યા નહીં. પાછા વળતા એક માણસ રસ્તામાં કાંટા ઝાંખરા જૂર કરી કેડી બનાવતો હતો. સિપાઈએ એ માણસને પૂછ્યું, 'આ જંગલમાં ભગત રહે છે? ક્યાં મળશે ?' પેલો માણસ પોતાના કામમાં મસ્ત હતો એએ સિપાઈની વાત સાંભળી નહીં. સિપાઈને ગુસ્સો આવ્યો. એણે ચાબુકથી પેલા માણસને ફટકાર્યો. માણસ પડી ગયો અને એક પથ્થર માથામાં વાગ્યો. ઘા માંથી લોહી નીકળવા લાગ્યું. સિપાઈએ આ જોયું પણ એને ઉતાવળ હતી અને મનમાં સત્તાનો કેફ હતો. એટલે એણે ઘોડો મારી મુક્યો. રસ્તામાં બીજો એક માણસ મળ્યો, સિપાઈએ તેને પૂછ્યું, 'ભગત ક્યાં મળશે?' પેલાએ કહ્યું, આપ જે રસ્તે આવ્યા એ રસ્તા પર જ આગળ હશે. એ કદાચ ઝાડી ઝાંખરા કાંટા દૂર કરી કેડી બનાવતા હશે.' સિપાઈએ કહ્યું, 'તો શું હું જેને ચાબુક મારી આવ્યો તે ભગત હતા?' સિપાઈએ તરત ઘોડો પાછો લીધો અને ભગતને પગે પડતા બોલ્યો, 'ભગત, હું તમને જ શોધતો હતો. મને શું ખબર કે આપ જ ભગત છો?' ભગતે કહ્યું, હા ભાઈ, કામ ક્રોધ મોહ માયા એ બધા ઝાડ ઝાંખરા કાંટા દૂર થાય તો જ ભક્તિ માર્ગ પર ચાલવું સરળ થાયને ? સિપાઈએ પૂછ્યું, 'જયારે મેં પૂછ્યું ત્યારે તમે કહ્યું પણ નહીં, મારાથી અજાણતા પાપ થઈ ગયું.' ભગતે કહ્યું, 'કઈ વાંધો નહીં, આપણે પાણી ભરવા માટલું લઈએ તોય ટકોરા મારીને લઈએ છીએ.' ત્યારે તમે તો ગુરુ શોધતા હતા પછી ટકોરા મારીને જોઈ લેવામાં શું વાંધો?

વરિષ્ઠોની વિદાયવેળાએ

તંત્રીસ્થાનેથી...

ગુજરાતી સાહિત્યની વરિષ્ઠ પેઢીનો એક સદાબહાર સિતારો આખરે અસ્ત થઈ ગયો છે. ભગવતીકુમાર શર્મા ચોર્યાશી વર્ષની જૈફ વયે વિદાય થયા હોવા છતાં આપણને એ અકાળે મૃત્યુ પામ્યા હોય એવું જ લાગ્યા કરવાનું. એનું કારણ એમનું સદા કાળનું કાલજયી લીલુંછમ્મ સર્જન છે. 'ઊર્ધ્વમૂલ' અને 'અસૂર્યલોક' જેવી ઉત્તમ નવલકથાઓ કે 'શંખધ્વનિ' જેવી વાર્તાઓ જ નહીં, એમની માણસ - છાપ ગઝલ અને દિવંગત પત્નીના વિયોગમાં રચાયેલાં હૃદયસ્પર્શી સૉનેટ ગુચ્છો ઉપરાંત એમની અદ્‌ભૂત આત્મકથા 'સુરત મુજ ઘાયલ ભૂમિ' એ ગિરા ગૂર્જરીનાં નવરાં ગરવાં ઘરેણાં તરીકે સૈકાઓ સુધી જીવંત રહેશે. ગુજરાતી પત્રકારત્વમાં ભગવતીકુમાર શર્મા અને હરિન્દ્ર દવે - બે જ એવાં મોટાં નામ છે. જેમણે વ્યવસાય સ્વરુપે પત્રકાર ધર્મ બજાવ્યો અને શોખ ખાતર સાહિત્ય ક્ષેત્ર ખેડ્યું. સાહિત્યિક પત્રકારત્વના ઈતિહાસમાં એમની જોડ જડવી મુશ્કેલ છે. ભગવતીકુમાર શર્માના પૂર્વજો દહેગામ નજીકના નાંદોલથી સુરત જઈને વસ્યા હતા. એમને સુરતમાં જઈ જે તપ કર્યું છે એથી એ સવાયા સુરતી બની રહ્યાં હતા અને કોઈ પણ નગરે પોતાના સાહિત્યિકારને કયારેય ન લડાવ્યાં હોય એવાં લાડ પામ્યા હતા. અમરેલીએ રમેશ પારેખનું સન્માન કરી પાટણના રાજમાર્ગો પર સિદ્ધરાજ જયસિંહે હેમચંદ્રાચાર્યના વ્યાકરણ ગ્રંથની સવારી કાઢેલી અનું અનુકરણ જરૂર કરી બતાવેલું, પરંતુ ભગવતીકુમાર જે રીતે સુરતના પર્યાયવાચી બની રહ્યા હતા એ તો આજના સાહિત્યકાર માટે ન ભૂતો ન ભવિષ્યતિ જેવી ઘટના છે. સુરતે નર્મદ પછી કોઈ સાહિત્યકાર કે કલાકારને આટલો સંપૂર્ણપણે ચાહ્યો નથી. બલકે કદાચ વિશ્વના કોઈ નગરે એના કવિ પર આટલો અસ્ખલિત સ્નેહ ઢોળ્યો હશે કે કેમ તે સંશોધનનો વિષય છે. 'સુરત મુજ ઘાયલ ભૂમિ' એ કેવળ લેખકની જ નહીં બલકે સુરત જેવા આધુનિક મહાનગરની પણ આત્મકથા છે. ગુજરાતી સાહિત્યકારને મળવાપાત્ર તમામ મોટાં માન અકરામ ભગવતીકુમારને એમની હયાતીમાં જ મળી ચૂક્યાં છે. તેઓ કેન્દ્ર સરકારનાં શ્રેષ્ઠ પદ્મ સમ્માન અને જ્ઞાનપીઠ પારિતોષિક મેળવવા માટે અધિકારી સર્જક હતા. કદાચ કેન્દ્ર સરકાર એમને મરણોત્તર પદ્મભૂષણથી નવાજશે તો એ યોગ્ય જ લેખાશે. વિચારધારાની રૂએ પણ તેઓ વર્તમાન સરકારની રીતિ-નીતિથી વિરુદ્ધ નહોતા અને આવું સન્માન મળી જાય તો એમને ગમ્યું પણ હોત. ગુજરાતે હજી આવા પ્રકાંડ સર્જકને ઓળખવા જોઈએ એ રીતે ઓળખ્યા નથી. ગુજરાત સરકારે એમને 'સાહિત્યરત્ન' ના અકાદમી સન્માનથી નવાજી યોગ્ય નિર્ણય કર્યો હતો. પ્રજાએ સસ્તુ મનોરંજન પીરસતા લેખકોને માથે અને મોઢે ચડાવી આવા કાલજયી સર્જકોને કોરાણે મૂક્યા છે તે આપણી ભાષાની મસમોટી વિડંબના છે. અમદાવાદની પોળોમાં જઈને કે ગાંધીનગરનાં સેકટરોમાં જઈને સરવે કરવામાં આવે કે ભગવતી કુમાર શર્માને ઓળખો છો? - તો કદાચ ઓળખનારા મળશે પણ ભાગ્યે જ કોઈએ એમની એકાદ કૃતિનું નામ જીભવગું હશે.

●●●

ગાંધીનગરમાં સિદ્ધાર્થ લૉ કોલેજ જેવી કાયદાશાસ્ત્રની કૉલેજ સ્થાપવાનો વિચાર સ્ફૂરવો એ જ અઘરી બાબત હતી, પરંતુ મૂળે સુરત નજીક ભૈરવ ગામના વતની અને મુંબઈ હોઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્ત વિનુભાઈ ભૈરવિયાએ સુરત અને અમરેલીની સાથે જ ગુજરાતના પાટનગરમાં પણ આ આંબેડકરી પરંપરા જાળવી રાખી. જસ્ટિસ ભૈરવિયા દલિત-વંચિત-શોષિત વર્ગોના અઘોષિત પ્રવક્તા તરીકે જીવ્યા. એમના વંચિતો સંદર્ભે ભારતના બંધારણ વિશેનાં ગ્રંથને દેશના વરિષ્ઠ ન્યાયવિદોએ વખાણ્યો છે. કેટલાક શકવર્તી ચુકાદાઓ એમના નામે નોંધાયા છે. એમના નિધનથી ન્યાય જગતમાં એક ન પુરાય એવો અવકાશ સરજાયો છે. આપણે એ દિવંગત આત્માને બુદ્ધનાં ચરણોમાં વાસ મળે એવી પ્રાર્થના કરીએ.

શુભ સંકલ્પ કરો

રંગ-ઉમંગ
કાનન ઓઝા

સત્કર્મોના વિચારને વાણીમાં વ્યક્ત નહિ કરતાં કાર્યરૂપે પ્રગટાવજો. એ ક્રિયા એ પ્રગટીકરણ જ બોલશે કે તમે શું કામ કર્યું. ધર્મ, પ્રેમ, અને સત્કર્મને અરસ-પરસ મેળ છે. પરંતુ ધર્મ ને યુદ્ધ સાથે મેળ નથી. કારણ ધર્મની દૃષ્ટિ એ તો બધું જ બ્રહ્મ છે. પણ માણસે ધર્મ, જ્ઞાતિ, જાતિ, વર્ણ એવા ભેદ પાડ્યા છે અને એકબીજા સાથે હિંસાચાર કર્યો છે. જે આચારમાં પ્રેમ ન હોય તેવાં વ્રત ધર્મ પણ. તેમાંથી પ્રેમની બાદબાકી કરો તો, તે સારાં તો નહિ જ લાગે, ઉલ્ટાં બૂરા લાગવાનાં. ધર્મની સાથે વિવાદ, વિખવાદ અને તર્ક ભળેલા છે. તેને તમે કાઢતા જ જશો તો ધર્મની સાથે ભળેલા પ્રેમને જોઈ શકશો. એ રીતે જોવાથી પ્રાણીમાત્રમાં ધર્મ આત્મસાત્ થયેલો દેખાશે. તેવા એક સનાતન સત્ય છે એને પરિણામે માનવ - માનવ ઐક્યતા અને સંઘર્ષ રહેશે નહિ.

જે માણસ આ રીતે ધર્મને જીવે છે તેનાં જીવનમાં સાધનાનો પ્રારંભ થાય છે. આમ તો માણસ ધર્મનાં ઘણું કરે છે પણ એટલા માટે એ લેખે નથી લાગતું કે અમૃત સમ ધર્મ સાધનાની સાથે વાચનાનું કામનાનું ઝેર પણ નાખે છે. ઘણાં ઘણાં કાર્યોનો એવો અર્થ નીકળે છે કે વ્યવહારિક, માનસિક, ધાર્મિક અને આધ્યાત્મિક. તમે તમારા મનમાં કયારે પણ અશુભનું ચિંતન કરતો નહીં. કોઈક કયાંક કોઈનું બૂરું થાય. કોઈની જાનહાનિ કે માનહાનિ થાય તેવું વિચારશો નહીં. કારણ વિચારોમાંથી ચિંતન પ્રગટે છે. તેમાંથી ભાવ પ્રગટે છે. અને ભાવ વડે ક્રિયાત્મક સ્વરુપ પકડે છે.

જેમ સ્વર પેટી બોલવાનું કામ કરે છે. ઉપરાંત બહારથી ગળામાં આવતી વસ્તુને રોકવાનું અને કાઢવાનું કામ પણ કરે છે. તે રીતે જો તમારામાં દ્વેષને કાઢશે. ક્રોધના વિચાર ને ક્ષમતાની ભાવના કાઢશે. શોક વિષાદના વિચારને પ્રમોદની ભાવનાથી કાઢો. તમારા પગ કાદવમાં ખરડાય પછી ધોવા જવા ને બદલે કાદવમાં પગને ખરડાવા ન દેવા તેવી જાગૃતિ રાખવી તે વધું સારું છે.

માણસ રાત્રે સૂવા જાય તે પહેલાં ઘરનાં બારણાં બંધ કરીને ઉલાવો, સાંકળ, સ્ટોપર વાસે છે. આમ તે ઘરની ચોકીદારી શરૂ કરે છે.

શુભભાવ, શુભ વિચાર, શુભ ચિંતન કરીને સંકલ્પ કરો કે આજથી મારે કોઈને આકરા શબ્દો કહેવા નથી. ગાળ - ગલોચ બોલવી નથી. માત્ર સાત્ત્વિક ખોરાક જ આજથી લેવો છે. એકાદ ભૂખ્યાને ખવરાવીને જ ખાવું છે, રોજ એક ભલાઈનું કામ કરવું છે.સન્માર્ગે જ જીવવું છે. આ સંકલ્પ એટલે દદ્રતેબ્રય, એટલે પૂરી તાકાતથી કામ કરવું તે.

માણસ જરૂર કરતાં ઘણું બોલે છે. તેથી તેની, શક્તિ તેમાં જ ખર્ચાઈ જાય છે. પછી તો 'ખાલી ઘડો વાગે ઘણો' તેવું બને છે. ભરેલો ઘડો છલકાઈ નહિ. વાગે નહિ અને સ્થિર રહે છે. તમારો સંકલ્પ વાણી, ન પ્રગટાવતાં ક્રિયાન્વિત થાય તેવું કરો, જયાં સુધી તે ક્રિયામાં ન પ્રગટે ત્યાં સુધી તેને ગુરુમંત્રની જેમ ગુપ્ત રાખો.

સાક્ષરનો સાક્ષાત્કાર એ કયા સર્જકની કૃતિ છે ?

ગુજરાતી સાહિત્ય

૧ 'માણસાઈના દીવા' ના ચરિત્ર્ય નાયક કોણ છે?
(અ)વિનોબા ભાવે (બ) ઠક્કરબાપા
(ક) રવિશંકર મહારાજ (ડ) નાનાભાઈ ભટ્ટ

૨ 'માનવીની ભવાઈ' એ કોનું સર્જન છે. જે જ્ઞાનપીઠ એવોર્ડ માટે વિજેતા થઈ છે ?
(અ) રાજેન્દ્ર શાહ (બ) પન્નાલાલ પટેલ
(ક) રઘુવીર ચૌધરી (ડ) પેટ ફૂલી મોટું થઈ જાય છે

૩ 'જનમટીપ' અને 'લોહીની સગાઈ' કયા લેખકની કૃતિઓ છે ?
(અ) ઈશ્વર પેટલીકર (બ) મનુભાઈ પંચોળી
(ક) કૃષ્ણલાલ શ્રીધરાણી (ડ) સ્નેહરશ્મિ

૪ 'સીધા ચઢાણ' અને 'વેરની વસૂલાત' નવલકથાના સર્જક કોણ છે?
(અ) રમણલાલ વ. દેસાઈ (બ) જયંતિ દલાલ
(ક) દામોદર બોટાદકર (ડ) કનૈયાલાલ મુનશી

૫ 'આભ રુએ એની નવલખ ધાર'ના લેખક કોણ છે?
(અ) શિવકુમાર જોષી (બ) રાજેન્દ્ર શાહ
(ક) જયન્ત પાઠક (ડ) સુરેશ જોષી

૬ નીચેનામાંથી કયુ સર્જન પીતાંબર પટેલનું નથી ?
(અ) માનવીનો માળો (બ) ખેતરને ખોળે
(ક) કેવડિયાનો કાંટો (ડ) લીમડામાં એક ડાળ મીઠી

૭ સાક્ષરનો સાક્ષાત્કાર એ કયા સર્જકની કૃતિ છે ?
(અ) ભગવતીકુમાર શર્મા (બ) રાધેશ્યામ શર્મા
(ક) ધનસુખલાળ મહેતા (ડ) ઈન્દુલાલ ગાંધી

૮ નીચેનામાંથી કયા સર્જક 'હાસ્ય સાહિત્ય'નાં છે ?
(અ) રાવજી પટેલ (બ) અમૃત ઘાયલ
(ક) ઈન્દુલાલ ગાંધી (ડ) જયોતીન્દ્ર દવે

૯ કયા સર્જક 'દગ્ધ કૃષિ કવિ' તરીકે ઓળખાય છે?
(અ) પીતાંબર પટેલ (બ) પન્નાલાલ પટેલ
(ક) રાવજી પટેલ (ડ) ભોળાભાઈ

૧૦ 'સાફલ્યટાણું' કોની આત્મકથા છે ?
(અ) જયંતિ દલાલ (બ) સ્નેહરશ્મિ
(ક) ઉમાશંકર જોષી (ડ) ગુલાબદાસ બ્રોકર

૧૧ નીચેનામાંથી કઈ કૃતિ કિશોરલાલ મશરૂવાળાની છે ?
(અ) ધરતીનું લૂણ (બ) ભારેલો અગ્નિ
(ક) પારકાં જણ્યાં (ડ) સમૂળી ક્રાન્તિ

૧૨ 'ઈન્દ્રકુમાર' અને 'જયા-જયંત' ના લેખક કોણ છે ?
(અ) ન્હાનાલાલ (બ) કનૈયાલાલ મુનશી
(ક) કૃષ્ણલાલ શ્રીધરાણી (ડ) મોહનભાઈ પટેલ

૧૩ 'ભટ્ટનું ભોપાળું' નાટકના રચયિતા કોણ છે ?
(અ) સુરેશ દલાલ (બ) નવલરામ પંડ્યા
(ક) ચંદ્રવદન મહેતા (ડ) રસિકલાલ પરીખ

૧૪ 'આ વાદ્યને કરુણ ગાન વિશેષ ભાવે' - કોની પંક્તિ છે ?
(અ) દલપતરામ (બ) કવિ શામળ
(ક) લાભશંકર ઠાકર (ડ) નરસિંહરાવ દિવેટીયા

૧૫ 'ટોળાં, અવાજ, ઘોંઘાટ' એ કોનું સર્જન છે ?
(અ) લાભશંકર ઠાકર (બ) બિંદુ ભટ્ટ
(ક) જગદીશ જોષી (ડ) ચંદ્રવદન મેહતા

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ

- **૭ સપ્ટેમ્બર :**
  - કવિ દામોદર બોટાદકરની પુણ્યતિથિ (૧૯૨૪)
  - હાઈ વોલ્ટેજ જનરેટરના શોધક જેમ્સ આલ્ફેડ વાન એલનનો જન્મદિવસ (૧૯૧૪)
  - ઈલા. ર. ભટ્ટની જન્મજયંતિ (૧૯૩૩)
- **૮ સપ્ટેમ્બર : વિશ્વ સાક્ષરતા દિવસ**
  - કસુંબલ ડાયરને પ્રજાલક્ષી બનાવનાર હેમુ ગઢવીનો જન્મ દિવસ (૧૯૨૯)
  - ગાયક આશા ભોંસલેનો જન્મ દિવસ (૧૯૩૩)
  - સ્વ. ઈન્દિરા ગાંધીના પતિ ફિરોઝ ગાંધીની પુણ્યતિથિ (૧૯૬૦)
  - નિબંધકાર, ચારિત્ર્યકાર સ્વામી આનંદની જન્મજયંતિ (૧૮૮૭)
  - સ્વામી શિવાનંદની જન્મજયંતિ (૧૮૮૭)
- **૯ સપ્ટેમ્બર : (૧૮૫૦)**
  - રશિયન સાહિત્યકાર લિયો ટોલ્સટોયનો જન્મદિવસ (૧૮૨૮)
  - ગાંધીવાદી કિશોરલાલ મશરૂવાળાની પુણ્યતિથિ (૧૯૫૨)
  - સફેદ ક્રાંતિના પ્રણેતા ડૉ. વર્ગીસ કુરિયનનું નિધન (૨૦૧૨)
  - કૃષ્ણમૂર્તિ 'કલ્કિ'ની જન્મજયંતિ (૧૮૯૯)
  - ગુણવંતરાય આચાર્યની જન્મજયંતિ (૧૯૦૦)
- **૧૦ સપ્ટેમ્બર : આત્મહત્યા વિરોધી દિન**
  - પીઢ નેતા પંડિત ગોવિંદ વલ્લભ પંતનો જન્મ દિવસ (૧૮૮૭)
  - શિક્ષણ અને સમાજ સુધારક જામ રણજિતસિંહજીનો જન્મદિવસ (૧૮૯૨)
  - રમણીકલાલ અરાલવાલાની જન્મજયંતિ (૧૯૧૫)
  - મણીલાલ દ્વિવેદીનો જન્મદિવસ (૧૮૫૮)
- **૧૧ સપ્ટેમ્બર : દેશભક્તિ દિવસ / વિનોબાજીની જન્મજયંતિ**
  - હાસ્ય સમ્રાટ લેખક જયોતિન્દ્ર દવેનું નિધન (૧૯૮૦)
  - ગાંધીવાદી સમાજ સુધઆરક વિનોબા ભાવેનો જન્મદિવસ (૧૮૯૫)
  - સ્વામી વિવેકાનંદજીના શિકાગો પ્રવચનનો દિવસ (૧૮૯૩)
  - અમેરિકા પર ટ્વીન ટાવર પર થયેલ આતંકવાદી હુમલાનો દિવસ (૨૦૦૧)
  - તમિલ, તેલુગુ અને મલયાલમ ફિલ્મોની અભિનેત્રી શ્રીયા સરનનો જન્મદિવસ (૧૯૮૨)
- **૧૨ સપ્ટેમ્બર :**
  - પરિક્ષીતલાલ મજમુદારની પુણ્યતિથિ (૧૯૬૫)
  - ફિરોઝ ગાંધીનો જન્મદિવસ (૧૯૧૨)
  - બિભૂતિભૂષણ બંદોપાધ્યાયની જન્મજયંતિ (૧૮૯૪)
  - ભારતીય લશ્કરે હૈદરાબાદ પર ચઢાઈ કરી (૧૯૪૮)
- **૧૩ સપ્ટેમ્બર :**
  - દિલ્હી બોમ્બ બ્લાસ્ટ દિવસ જેમાં ૩૦થી વધુ લોકો મર્યા (૨૦૦૮)
  - બોલીવુડની હિરોઈન રીતુ ચૌધરીનો જન્મદિવસ (૧૯૭૩)
  - સોફિયા વાડીયાની જન્મજયંતિ (૧૯૦૧)
  - શ્રેષ્ઠ ઓસ્ટ્રેલિયન ક્રિકેટર શેન વોર્ડનનો જન્મદિવસ (૧૯૬૯)
  - ડૉ. આનંદકુમાર સ્વામી ભારતીય કળા અને સંસ્કૃતિના ધરોહરનું નિધન (૧૯૪૭)

ખજાનો
અનિલ પટેલ

ગત સપ્તાહના સવાલનો જવાબ

મનોહરલાલ ખટ્ટર કયા રાજયના મુખ્યમંત્રી છે?
જવાબ : હરિયાણા

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૩) મહેશ જાદવ : રાયસણ (૪) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) મૂળજીભાઈ પરમાર : સે-૬ (૭) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૮) અનિકેત સુમેસરા : સે-૨૪

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

આંતરરાષ્ટ્રીય વિશ્વ ઓઝોન દિન કયા દિવસે ઉજવાય છે?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

ગણેશ ગૌરવ ગાથા

'ભાદરવા સુદ ચોથે મારો જન્મ થયો. છે. તે દિવસે મારાં નામો ઉચ્ચારીને દૂર્વાથી મારી પૂજા કરવી અને તર્પણ કરવું.'

શ્રી ગણેશપુરાણના ઉપાસના ખંડમાં ગણપતિના હજાર નામોનું સ્તોત્ર છે. અંત ઉપર્યુક્ત શ્લોક આપેલો છે.



ભાદરવા સુદ ચોથે મધ્યાહન સમયે એમનો જન્મ થયો છે.

ગણેશને એક વાર ભારે ઉદરદાહ થયો. તેઓ ખૂબ જ અકળાયા. મુનિઓએ એકવીસ દૂર્વા એમને મસ્તકે મૂકી. એમને ખરેખર ઠંડક થવા લાગી. પ્રસન્ન થઈને ગણેશ દુર્વાને કહ્યું, 'આજથી તારું સ્થાન મારાં મસ્તકે અને ચરણે રહેશે.' કોઈ મારી પૂજા તારા વગર કરશે, તો ફળશે નહીં.

આરોગ્યલક્ષી, વનસ્પતિઓને ધર્મ સાથે સાંકળવાની પરંપરા છે. જેમ કે બિલ્વપત્ર, તુલસી, દુર્વા પુરુષ માટે વીર્યવર્ધક છે. સ્ત્રીઓ માટે રજઃપ્રવર્તક છે. ગર્ભાશયના દોષોને હરનારી છે. સ્ત્રી માટે સુભગા છે. સૌભાગ્ય આપનારી છે. પિત્તનાશક છે. એ મહૌષધિ છે. તમામ પ્રજીવકો - વિટામીન્સ - આ ધરો - દુર્વા -માં રહેલા છે. એની એક સ્વતંત્ર તિથિ છે. ભાદરવા સુદ આઠમ. આ દિવસ 'ધરો આઠમ' છે.

ચંદ્રને એકવાર પોતાના સૌંદર્યનું અભિમાન થયું. ગણેશ એમને એ વખતે મળવા આવ્યા. એનો દેહ અસાધારણ હતો. તેથી ચંદ્ર એની મશ્કરી કરવા લાગ્યો. ગણેશે વારંવારના ઉપહાસને સહી લીધો. છતાં એ અટક્યો નહીં. એથી ગણેશે એને શાપ આપ્યો - 'આજથી તારું મુખ જોશે નહિ. અને જોશે, તો સંકટમાં આવી પડશે.' હવે ચંદ્રને ભારે પસ્તાવો થયો. હવે રાત અજવાળી થવાની ન હતી. એણે ભગવાન શંકરનું શરણ લીધું. ભગવાને ઉપાય બતાવ્યો. 'ભાદરવા સુદ ચોથ ગણેશ પૂજન કર.' ચંદ્રે શ્રદ્ધાપૂર્વક પૂજા કરી. ગણેશ પ્રસન્ન થયા. શાપનું નિવારણ થયું. પરંતુ ત્યારથી એટલું થયું. 'કોઈ ચોથનો ચંદ્ર ન જુએ.'

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

બીજું એક 'મુદ્‌ગલ પુરાણ' છે. ઈ.સ. ૮૦૧ થી ૧૦૦૦ છે. આમાં ૯ ખંડ, ૨૮ અધ્યાય અને ૨૩૦૧૫૦ શ્લોક છે. ઋષિ મુદ્‌ગલ આના પ્રવક્તા છે. આમાં જે કાંઈ છે, તે ગણેશને લગતું છે. વ્રતો, તિથિઓ, તીર્થક્ષેત્રો, દુર્વાનો મહિમા, અવતારો વગેરે. આમાં યમદૂત સંવાદ છે. તેમાં ગણેશનાં ૧૦૮ નામો છે.

(૧) ગણેશ (૨) ગજાનન (૩) સિદ્ધિપ્રિય (૪) અનેકવિઘ્નાન્તક - અનેક વિઘ્નોને શમાવનારા (૫) કવીશ - કવિઓનાં ઈશ (૬) મહેશ પુત્ર (૭) વરેણ્યપુત્ર - ઉત્તમ, પસંદ કરવા લાયક શિવપુત્ર(૮) હેરમ્બ - માતા પાર્વતીના પુત્ર (૯) વરિષ્ઠ - ઉત્તમ પસંદ કરવા લાયક (૧૦) બુદ્ધિનાથ

(૧૧) વક્રતુંડ - વિશિષ્ટ મસ્તક વાળા (૧૨) ચતુર્ભુજ (૧૩) પ્રમોદ - આનંદ સ્વરુપ (૧૪) ગજકર્ણ (૧૫) વિનાયક - ઉત્તમ નેતા (૧૬) સર્વપૂજ્ય (૧૭) લંબોદર (૧૮) મૂષકધ્વજ - ધજામાં મૂષકનું ચિહન વાળા (૧૯) શિવાજ - પાર્વતીના પુત્ર (૨૦) વિઘ્નેશ્વર - વિઘ્નોને શમાવનારા ઈશ્વર.

(૨૧) શ્રેષ્ઠ રાજા (૨૨) વરસ (૨૩) ઉજ્જવલ - મુખવાળા (૨૪) પરશુધારી (૨૫) પુષ્પપ્રિય (૨૬) દુર્વાપૂજિત (૨૭) સારી મતિ રાખનારા (૨૮) બીજ અને ચોથને ચાહનારા (૨૯) ધનદ (૩૦) ચિન્તામણિ.

(૩૧) વિદેહી (૩૨) યોગી (૩૩) કપિલ વિજેતા (૩૪) ભાલચંદ્ર (૩૫) જગદ્‌ગુરુ (૩૬) મૂષક વાહન (૩૭) કર્તા (૩૮) એકદન્ત (૩૯) ષડ્‌દોષહન્તા - કામ, ક્રોધ વગેરે છ દોષોને હરનારા (૪૦) આખુગ - મૂષકના વાહન વાળી.

(૪૧) ધૂમ્રવર્ણ (૪૨) શૂર્પકર્ણ - સૂપડા જેવા કાનવાળા (૪૩) દિતિપુત્ર (૪૪) નિશીધ (૪૫) જ્ઞાનદ (૪૬) ગુહાગ્રજ - કાર્તિકેયથી નાના (૪૭) અમિતવિક્રમ - અમાપ પરાક્રમવાળા (૪૮) સદા નંદી (૪૯) જ્ઞાન સ્વરુપ (૫૦) પોષણ સ્વામી (૫૧) સુશાન્તિદાતા.

શ્રી ગણેશને શ્રદ્ધાવંદન.